## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



હલ્લો.... લાંબી લાઈન હોય તો, સાંભળો... દૂધવાળો કહે છે કે તે નસબંધી કરાવીને આવ્યો... ત્યાં નવી નોટ મળે છે...!!

### ચિત્રલેખા નાટય સ્પર્ધામાં

## ગાંધીનગરના કલાકારોનું નાટક ‘‘મળવા જેવા માણસો’’ રજૂ થયું

ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ આયોજીત ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા-૨૦૧૭નો પ્રારંભ થઈ ચુક્યો છે. આ સ્પર્ધામાં તા.૪ ડિસેમ્બરને રવિવારના રોજ રાત્રે ૯ કલાકે ભારતીય વિદ્યા ભવન ખાનપુર ખાતે ગાંધીનગર શહેરના કલાકારો દ્વારા ‘‘મળવા જેવા માણસો’’ નામક નાટકની પ્રસ્તુતી કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૫૭ નાટકોને એન્ટ્રી મળી હતી જેમાંથી ૨૫ નાટકો દર્શકો સમક્ષ રજુ કરવાનું આયોજન છે, જે પૈકી અમદાવાદ ખાતે કુલ આઠ નાટકો રજૂ થઈ રહ્યાં છે.

ગાંધીનગરના આદિલ સૈયદ ગ્રુપ દ્વારા પ્રસ્તુત ‘‘મળવા જેવા માણસો’’ નાટકના લેખક પ્રવિણ સોલંકી છે જ્યારે દિગ્દશર્ક તરીકે આદિલ સૈયદ છે. આ નાટકમાં ગાંધીનગરના યુવા કલાકારો પાર્થ બારોટ, નીતિન પરમાર, નિરવ પરમાર, વિનય જયસિંઘાની, પલક દવે, મોના જોષી, હેતલ ભટ્ટી, વિશ્વા રાવલ, સુદીપ પરમાર દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. જયારે મ્યુઝીક જીત સોની અને લાઈટનું કામકાજ મેહુલ બારોટે સંભાળ્યું હતું. શ્રુતિ બારોટ અને સોયેબ સૈયદે બેક સ્ટેજમાં સાથ આપ્યો હતો. આ નાટકના ટુંકસાર પર નજર નાંખીએ તો દુનિયામાં અનેક પ્રકારના માણસો રહે છે, કોઈ વારવા જેવા તો કોઈ માણવા જેવા, કોઈ ધિક્કારવા જેવા તો કોઈ મળવા જેવા... માણસ બેઝીકલી સેલ્ફ સેંટર્ડ તથા સ્વાર્થી પ્રકૃતિનો હોય છે. પરંતુ જો કોઈ માણસ બીજાનું સન્માન પોતાનાથી વધુ કરે પારકા અને પોતાનાઓ વચ્ચે ભેદ ન જુએ, હંમેશા સત્યનિષ્ઠા અને કાયદાનું જ પાલન કરે તો તેવી વ્યકિતને મળવા જેવા માણસો કહેવામાં આવે તો તેમા કોઈ ખરાબ નથી. નાટકનું મુખ્ય પાત્ર વિક્રમ, કે જે ગૃહ પ્રધાન છે જે બેફામ સત્તાનો માલીક હોવાછતા પોતાની સત્તાનો દુર ઉપયોગ કરતો નથી. ન્યાય તથા હકની વાત કરે છે. પોતાનો દિકરો જય જયારે કાયદા વિરુધ્ધનું કાર્ય કરે છે.ત્યારે પોતાના દિકરાની તરફેણ કર્યા વિના તેની ધરપકડનો આદેશ કરે છે. એટલું જ નહી પરંતુ પુત્રનો પણ ત્યાગ કરે છે. આમ આવા ઉચ્ચ આદર્શવાળી વ્યકિતને ખરેખર મળવા જેવી ગણાય... વિક્રમનો કિરદાર આજના રાજકારણીઓને પણ એક મહત્વનો સંદેશ આપે છે. નાટકની પ્રસ્તુતિને પ્રેક્ષકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી હતી.

# શહેરમાં આંગણવાડી મહિલાઓની મહાસભા

### લગ્નસરાની મૌસમ અને રવિવારની રજા છતાં, આંગણવાડી, આશાવર્કર અને મધ્યાહન ભોજનમાં ફરજ બજાવતાં પાંચ હજાર મહિલાઓ સત્યાગ્રહ છાવણી ખાતે આવી પહોંચ્યાં : તંત્ર પણ મહિલાઓની સંખ્યા જોઈ અચંબામાં પડ્યું

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ રાજયમાં વિવિધ સ્થળો પર સરકારની આંગણવાડી, આશાવર્કર, મધ્યાહન ભોજન અને આરોગ્યલક્ષી સેવામાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓનો ૧૨ જેટલી પડતર માંગણીઓને અનુલક્ષી મહાકુંભ ભરાયો હતો. જેમાં વેતન વધારો અને સરકારી કર્મચારી જાહેર કરો તે મુખ્ય મુદ્દા છે. ભારતીય મઝદુર સંઘ અને ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘના નેજા હેઠળ સત્યાગ્રહ છાવણી ખાતે આયોજીત રેલી અને જાહેરસભામાં રાજયભરમાંથી અંદાજીત પાંચ હજાર થી વધુ બહેનો આવી પહોંચી હતી. જયારે રવિવારની રજા અને લગ્નસરાની મૌસમ હોવાથી મહિલાઓની સંખ્યા ઓછી રહેશે તેવી ગણતરી કરીને બેઠેલા અધિકારીઓની ગણતરી ઉંધી પડતા રવિવારની ઉંઘ પણ ઉડી ગઈ હતી. વિવિધ સરકારી યોજનામાં ફરજ બજાવતી બહેનોની માંગણીઓ સાથેનું આવેદન પત્ર લઈને મઝદુર સંઘના આગેવાન અને મહિલા સભ્યોનું પ્રતિનિધી મંડળ કલેકટર કચેરી ખાતે બપોરે ગયું હતું અને જિલ્લા કલેકટરને આવેદન પત્ર સુપ્રરત કરીને યોગ્ય કરવા રજુઆત કરી હતી.

રાજયભરમાં સરકારની વિવિધ યોજના અન્વયે ત્રણ લાખ મહિલા કર્મચારીઓ ફરજ બજાવી રહી છે. ત્યારે મહિલા કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે યોગ્ય ઉકેલ ન આવતા આજરોજ શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મઝદુર સંઘ અને ભારતીય આંગણવાડી કર્મચારી મહાસંઘ દ્વારા મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં રાજયભરમાંથી પાંચ હજારથી વધુ બહેનો સત્યાગ્રહ છાવણી ખાતે એકત્ર થઈ હતી. આ બહેનોની મુખ્ય માંગણીઓમાં ઉપરોકત તમામ કર્મચારીઓને સરકારી કર્મચારી જાહેર કરો, કામયી ન કરવામાં આવે ત્યાં સુધી રૂ.૧૫૦૦૦ લઘુત્તમ વેતન આપવું, પીએફ તથા ઈએસઆઈનો લાભ આપવો, ગ્રુપ ઈન્સ્યોરન્સ લીક કરી મેડીકલ ફેસીલીટીનો લાભ આપવો,નિવૃતિ વય મર્યાદા વધારવી, મસાલા ખરીદી માટે એડવાન્સ રકમ ચુકવવી, હલ્પરમાંથી કાર્યકર તરીકે નિયમિત પણે પ્રમોશન આપવા, બ્લાઉઝની સિલાઈમાં વધારો કરવો, હેલ્પર અને વર્કરને વેકશન સાથે આપવું, કાર્યકરમાંથી સુપરવાઈઝરના પ્રમોશન આપવા, મીન આંગણવાડીને નિયમિત આંગણવાડી તરીકે જાહેર કરવા સહિતનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ગુજરાત અને રાજસ્થાનના ભારતીય મઝદુર સંઘના પ્રભારી રાસબિહારી શર્મા, ભારતીય મઝદુર સંઘના પ્રદેશ અધ્યક્ષ વાલજીભાઈ ચાવડા, મહામંત્રી અરવિંદ પરમાર, ગુજરાત પ્રદેશ આંગણવાડી સંઘના પ્રમુખ હેમલત્તાબેન પટેલ, મહામંત્રી શમિષ્ઠા જોષી હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે સરકારી યોજનામાં ફરજ બજાવતી મહિલાઓનું શોષણ કરવામાં આવે છે. લઘુતમ વેતન કરતા ઓછો પગાર મળે છે. બહેનોના પ્રશ્નનો ઉકેલ નહી આવે તો ભારતીય મઝદુર સંઘ ચુપ નહી રહે. ન્યાય માંગવો એ કર્મચારીઓનો હક છે જયારે ન્યાય આપવો એ સરકારનો અધિકાર છે. સાતમા પગાર પંચ મુજબ તંત્ર કર્મચારીઓને રૂ.૧૮૦૦૦ પગાર ચુકવે. અત્યારે હાલના સમયે સરકાર અમારી પાસે રૂપીયા નથી તેમ નહી કહી શકે કારણ કે કરોડો રૂપીયા સરકારની તિજોરીમાં જમા થયા છે. જયારે વિવિધ યુનિયન બનતા યુનિટી પુરી થઈ ગઈ છે માટે પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યાં સુધી લડત ચાલુ રહેશે તેવો હુંકાર કર્યો હતો. જયારે ભારતીય મઝદુર સંઘના આગેવાનો અને મહિલા કર્મચારીઓનું પ્રતિનિધિ મંડળના આગેવાનોએ જિલ્લા કલેકટર કચેરી ખાતે પહોંચીને બપોરે કલેકટર સતિષ પટેલને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. આખરે બપોરે ચાર કલાકની આસપાસ જાહેર સભા પૂર્ણ થઈ હતી જો કે જાહેર સભા હોવાથી સવારથી જ પોલીસતંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.





### રવિવારે રજા હોવા છતાં કલેકટરે આવેદનપત્ર સ્વીકાર્યું

શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આંગણવાડી, આશાવર્કર સહિતની સરકારી યોજનામાં ફરજ બજાવતી બહેનો વિશાળ સંખ્યામાં જાહેર સભામાં હાજર રહી હતી. રવિવારની રજા હોવા છતા ગાંધીનગર જિલ્લા કલેકટર બપોરે ૩.૩૦ કલાકે કચેરી ખાતે આવી પહોંચ્યા હતા અને ભારતીય મઝદુર સંઘ દ્વારા આશાવર્કર અને આંગણવાડી બહેનોની વિવિધ માંગણી દર્શાવતું આવેદનપત્ર સ્વીકાર્યું હતું.

### આશાવર્કર બહેનો સભા છોડી કપડા ખરીદવા દોડી

પોતાના પડતર પ્રશ્નોની માંગ લાઈ ગાંધીનગ રેલીમાં આવેલી કેટલીક મહિલા કર્મચારીઓ જાહેર સભાનું સ્થળ છોડીને સભા સ્થળ પાસેના ગરમ કપડાના બજારમાં દોટ મુકી કપડા ખરીદવા લાગી હતી. થોડીવાર પછી ખબર પડતા આગેવાન બહેનોએ તમામ મહિલા કર્મચારીઓને સભા સ્થળે પાછી બોલાવી હતી.

### સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયાનો આવકારદાયક નિર્ણય

# વર્ષે ૫૦ દિવ્યાંગ ખેલાડીઓને નિવાસી તાલીમ આપશે

### ખેલ પ્રશિક્ષણ કેન્દ્ર યોજના અંતર્ગત એથ્લેટિકસ, સ્વીમીંગ તથા પાવર લિફટીંગના ૫૦ ખેલાડીઓને પસંદ કરાશે

ગાંધીનગર, તા. ૪

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પશ્ચિમી કેન્દ્ર ગાંધીનગર છેલ્લા ૨ વર્ષથી વિશેષ કરીને દિવ્યાંગ ખેલાડીઓને પ્રતિભાને આગળ લાવવામાં ખૂબ જ આગળ છે. ઘણા સમયથી આ ખેલ પરિસરમાં એથ્લેટિકસ, સ્વીમીંગ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને પાવર લિફટીંગ જેવી રમતોના કોચિંગ કેમ્પ ચલાવવામાં આવે છે. છેલ્લા ૨ વર્ષમાં થનારી રમતો જેમાં પેસ એશિયન ચેમ્પીયનશીપ, પેરા વર્લ્ડ ચેમ્પીયનશીપ તથા ઓલંપિક ગેમ્સ માટે કલાસીફાયર ચેમ્પીયનશીપ જેવી રમતોમાં ભાગ લેનાર દિવ્યાંગ ખેલાડીઓને દેશના પ્રખર અને અનુભવી પ્રશિક્ષકોની દેખરેખમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પશ્ચિમી કેન્દ્ર ગાંધીનગર ખાતે પ્રશિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવેલ હતું.

જુલાઈ ૨૦૧૫માં પશ્ચિમી કેન્દ્ર ગાંધીનગર ખાતે એલાઈટ હોસ્ટેલ અને મોર્ડન ફિટનેસ સેન્ટરના ઉદઘાટનના પ્રસંગે લાલકૃષ્ણ અડવાણી, ભૂતપૂર્વ ઉપ પ્રધાનમંત્રી, ભારત સરકાર અને સંસદ સભ્ય લોકસભા ગાંધીનગર ક્ષેત્રની સાથે સર્વાનંદ સોનોવાલ, ખેલ મંત્રી, ભારત સરકાર દ્વારા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, પશ્ચિમી કેન્દ્ર ગાંધીનગરને દિવ્યાંગ ખેલાડીઓને બધા જ પ્રકારની ખેલ સંબંધી સુવિધાઓ સાથેનું એક નોડલ સેન્ટરના રુપમાં વિકસીત કરવાની જાહેરાત તેમના દ્વારા કરવામાં આવી હતી. વિજય ગોયલ, ખેલ મંત્રી, ભારત સરકાર દ્વારા ૨૨ ઓકટોબર ૨૦૧૬ના રોજ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, પશ્ચિમી કેન્દ્ર ગાંધીનગરનાં નિરીક્ષણ સમયે આ કેન્દ્રને દેશનું પ્રથમ દિવ્યાંગ ખેલાડીઓ માટેનું કેન્દ્ર પણ જાહેર કર્યુ હતું. આ યોજનાને આગળ વધારવાના પ્રયાસ રૂપે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના મહા નિર્દેશક ઈન્જેતી શ્રીનિવાસ દ્વારા દિવ્યાંગ ખેલાડીઓ માટે ખેલ પ્રશિક્ષણ કેન્દ્ર નામની યોજના શરુ કરવામાં આવી. જેનાં અનુસંધાનમાં એથ્લેટિકસ, સ્વીમીંગ તથા પાવર લિફટીંગના ૫૦ દિવ્યાંગ ખેલાડીઓને પસંદ કરવામાં આવશે. પસંદ પામનાર ખેલાડીઓને પુરા વર્ષ માટે રહેવાની અને જમવાની વ્યવસ્થા યોજનાના અનુસંધાનમાં કરવામાં આવશે. આ યોજનાનો પ્રારંભ ૨૦૧૭-૨૦૧૮ના વર્ષથી કરવામાં આવશે.

# ઈલેકશન આવે એટલે ‘માનિતા’ને પ્રાઈમ પોસ્ટીંગ આપવાની આદત ભૂલાતી નથી

ગુજરાતના વહીવટી તંત્રમાં હજી પણ મોટા ફેરફારો આવી રહ્યાં છે. રાજ્યના સનદી અધિકારીઓ, ગુજરાત વહીવટી સેવાના અધિકારીઓ તેમજ ઈન્ડિયન પોલીસ સર્વિસના અધિકારીઓની બદલીના ભણકારા વાગી રહ્યાં છે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ પૂર્વે સરકાર વહીવટી તંત્રમાં કેટલાક ખેલ પાડવા માગે છે. સચિવાલયના સૂત્રો કહે છે કે આ નવી બદલીમાં હજી પણ અન્યના વફાદારો (આનંદીબહેન પટેલ અને સૌરભ પટેલ) ને બદલીને માનિતાને પ્રાઈમ પોસ્ટીંગ આપવામાં આવનાર છે. સરકાર બોર્ડ-કોર્પોરેશનમાં પણ ફેરબદલ ઇચ્છી રહી છે. ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલાં જાહેર સાહસોમાં પોલિટીકલ નિયુક્તિ થાય તો નવાઇ પામવા જેવું નથી. જિલ્લાના વહીવટી તંત્રમાં પણ મોટી ઉથલપાથલ દેખાઇ રહી છે. અધિકારીઓના જોરે કોઇપણ ચૂંટણી જીતી શકાય છે તેવો મંત્ર નરેન્દ્ર મોદીએ આપ્યો છે જેને વિજય રૂપાણી પણ અનુસરી રહ્યાં હોય તેવું લાગી રહ્યું છે.

**માહિતી આયોગ માટે ચીફ કમિશનરની જરૂર છે - CMO યાદી બનાવે છે ...**

**લ્યો હવે બલવંતસિંહ નિવૃત્ત થઇ રહ્યાં છે...**

રાજ્યના માહિતી આયોગના મુખ્ય કમિશનર બલવંતસિંહ ૬૫ વર્ષ પૂરાં કરી આ મહિનામાં નિવૃત્ત થઇ રહ્યાં છે ત્યારે સરકારે નવા મુખ્ય કમિશનર માટેના નામોની વિચારણા શરૂ કરી છે. માહિતી આયોગનો રૂલ્સ છે કે જે અધિકારીએ ૬૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તે કમિશનર તરીકે આવી શકતા નથી, તેથી સરકારના માનિતા અધિકારી બલવંતસિંહને પદ છોડવાનો વારો આવ્યો છે. આયોગમાં હાલ ચાર કમિશનરો મોજૂદ છે તેથી સરકારે નામો મંગાવવાની ઉતાવળ કરી નથી પરંતુ મુખ્ય કમિશનરની જગ્યા તો ભરવી જ પડે છે તેવો કાયદા વિભાગનો અભિપ્રાય પછી વિજય રૂપાણીએ સીએમઓના અધિકારીઓ, ખાસ કરીને કે. કૈલાસનાથન અને રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જે.એન.સિંઘ સાથે ચર્ચા વિચારણા કરી હોવાનું મનાય છે. બલવંતસિંહની જગ્યાએ આ પદ માટે સરકાર બીજા માનિતા નિવૃત્ત અધિકારીને શોધી રહી છે.

**AAP અને કોંગ્રેસ ભાજપનો મુખ્ય ટારગેટ...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પહેલાં વિરોધી નેતાઓને પાડવાના પેંતરા અત્યારથી જ શરૂ થઇ રહ્યાં છે. ખાસ કરીને ભાજપને જેનો ડર છે તે આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલના સાથીદારોને ગુજરાતમાં પગ મૂકતાં પહેલાં જ બદનામ કરવાની ચાલ વિચારવામાં આવી છે. સચિવાલયના સૂત્રો કહે છે કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગુજરાતના વગદાર નેતાઓ ભાજપના નિશાના ઉપર છે. ભાજપ ૨૦૧૭ની ચૂંટણી જીતવા માટે કોંગ્રેસના સિનિયર મોસ્ટ નેતાઓ કે જેઓ પાર્ટીથી વિમુખ થયેલા છે તેમને પાર્ટીમાં ભેળવવાનો પ્રયાસ શરૂ કરશે અન્યથા તેમની સામે જૂના કેસોને ખોલવાની શરૂઆત કરી શકે છે. આમ આદમી પાર્ટીમાં જોડાયેલા પરંતુ વગદાર એવા નેતાઓને પણ પાર્ટી શોધી રહી છે. એટલે કે ચૂંટણી પહેલાં આ બન્ને વિરોધી પાર્ટીઓના હાઇકમાન્ડે ખબરદાર રહેવાની જરૂર છે, કારણ કે ભાજપે એક ડઝન કરતાં વધુ પ્રદેશ નેતાઓને ટારગેટ બનાવ્યા છે. તેમને ટીકીટની લાલચ આપીને પાર્ટીમાં ભેળવવાની મથામણ શરૂ કરી દેવામાં આવી છે.

**દેશના ૨૦ કરોડ યુવાનો નોકરી ગુમાવશે...**

માનવની જગ્યાએ મશીન આવ્યા પછી લોકોની નોકરીઓ પર તરાપ આવી છે ત્યારે નજીકના ભવિષ્યમાં જોબ કરતા યુવાનો ચેતી નહીં જાય તો તેમને નોકરી ખોવાનો વારો આવી શકે છે. ઈન્ડસ્ટ્રીના અનુભવી ટી.વી. મોહનદાસ પાઇએ કહ્યું છે કે વધી રહેલા ઓટોમેશન અને ટેક્નોલોજીમાં સુધારાઓને કારણે ૨૦૨૫ સુધીમાં આશરે ૨૦ કરોડ મધ્યમવર્ગીય યુવાનો પાસે નોકરીઓ નહી હોય અથવા ઓછી નોકરીઓ હશે. પાઇ જેઓ મણિપાલ ગ્લોબલ એજ્યુકેશન સર્વિસીઝના ચેરમેન છે તેઓ કહે છે કે, ૨૦૨૫ સુધીમાં ૨૧-૪૧ ની વયજૂથના ૨૦ કરોડ યુવાનો પાસે નોકરીઓ ઓછી હશે અથવા હશે જ નહી અને કોઇને ખબર નથી કે આ લોકોનું શું કરવું. સરકારી પોસિલીને ખબર નથી કે શું કરવું જોઇએ કારણકે તેમની પાસે યોગ્ય માહિતી નથી. આપણે એક વસ્તીવિષયક ખરાબ સપનું જોઇ રહ્યા છીએ.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**આંદોલનકારી યુવા નેતાઓને જલસા...**

ગુજરાતમાં ચૂંટણી આવે એટલે આંદોલનકારી અને સરકારના વિરોધી સૂર આલાપતા નેતાઓને જલસા પડી જાય છે. રાજકીય નેતાઓના આમંત્રણથી તેઓ તૃપ્ત બની જતા હોય છે. આવી જ હાલત પાટીદાર અનામત આંદોલન ચલાવતા હાર્દિક પટેલ અને ઓબીસીને ન્યાય અપાવવા નિકળેલા અલ્પેશ ઠાકોરની છે. ગુજરાતમાં પાટીદારો તેમજ ઓબીસી સમાજ વિના કોઇપણ ચૂંટણી જીતવી શક્ય નથી તેવું ભાજપનું હાઇકમાન્ડ સમજતું હોવાથી ડિસેમ્બરમાં આવી રહેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ભાજપે નારાજ સમાજને મનાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. મતદારોની નાડ પારખવાનો આ ઉત્તમ અવસર ભાજપ અને કોંગ્રેસને મળ્યો છે. ૨૭મી ડિસેમ્બરે જે ૧૦,૩૧૮ ગ્રામ પંચાયતોમાં મતદાન થવાનું છે ત્યાં કુલ ૧.૮૯ કરોડ મતદારો છે. આ મતદારો હાલ નોટબંધીના કારણે પરેશાન છે. ખાસ કરીને ખેડૂત અને મજૂર વર્ગને યાતનાઓનો પાર નથી. આ સમયે યુવા આંદોલનકારી નેતાઓને ભાજપ સમાધાનના આમંત્રણ આપી રહી છે.

**હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરનું સરકારમાં વજન છે, CM ને ચિંતા ...**

**બન્ને પાર્ટીઓ માટે ગામડાં લિટમસ ટેસ્ટ હશે...**

ગુજરાતમાં વિજય રૂપાણી અને પાર્ટી પ્રેસિડેન્ટ જીતુ વાઘાણી માટે આ લિટમસ ટેસ્ટ છે, કારણ કે બન્નેને સર્વોચ્ચ પદ મળ્યા પછી ગ્રામ્ય વિસ્તારમાં પહેલી ચૂંટણી આવી રહી છે. બન્નેનું ભાવિ આ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં નક્કી થશે અને તેના આધારે ભાજપનું હાઇકમાન્ડ મિશન ૨૦૧૭નો રોડમેપ બનાવશે તેવું લાગી રહ્યું છે. બીજી તરફ વિખરાયેલી કોંગ્રેસને એક થવાનો મોકો આ ચૂંટણી આપી શકે છે. કોંગ્રેસના ચાર જૂથો એક થઇને તેમજ જીતી શકે તેવા ઉમેદવારને ટીકીટ આપીને ચૂંટણી લડે તો ગ્રામ્ય વિસ્તારમાં અવશ્ય ફાયદો થશે તેવું કોંગ્રેસના સિનિયર કાર્યકરો માની રહ્યાં છે. બન્ને પાર્ટીઓ માટે ગામડાની આ ચૂંટણીઓ જીતવી આવશ્યક છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી છેલ્લે ૨૦૧૫માં આનંદીબહેન પટેલના શાસનમાં યોજવામાં આવી હતી પરંતુ તેમાં ભાજપને મોટી પછડાટ મળી હતી. આનંદીબહેનની સત્તા જવાનું એક મુખ્ય કારણ આ ચૂંટણીની હાર પણ હતી.

**પૈસો મારો પરમેશ્વર એ કહેવત ખોટી પડી...**

ભારતની જનતાની કઠણાઇ તો જુઓ, હમણાં ૮મી નવેમ્બર પૂર્વે શહેરો અને ગામડાની ધડકન તેજ ચાલતી હતી. બજારમાં કોઇને સ્વપ્રેય ખ્યાલ નહીં હોય કે ચલણની ૧૦૦૦ અને ૫૦૦ના દરની નોટો બંધ થવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અચાનક નોટબંધીની જાહેરાત કરતાં ભલભલાના મોતિયા મરી ગયા હતા, કારણ કે અન એકાઉન્ટેડ મની લોકો ઘરમાં કે અજાણી જગ્યાએ છૂપાવતા હોય છે. માલેતુજારો જ નહીં, મધ્યમવર્ગના પરિવારો પાસે થોડાં બ્લેકમની તો હોય છે, જે તેમને અણીના સમયે મદદ કરે છે. આજે દેશની જનતાની સ્થિતિ જુદી છે. પૈસો જ મારો પરમેશ્વર છે તેવી માન્યતા ઘડીના છઠ્ઠા ભાગમાં ધૂળ ભેગી કરી નાંખી અને આ બન્ને મોટી નોટો કાગળના ટૂકડા બનાવી દેવામાં આવ્યા. સમગ્ર દેશમાં લોકો આવા રૂપિયા સગેવગે કરવા લાઇનો લગાવવા લાગ્યા અને ગમે તે વ્યક્તિના એકાઉન્ટમાં ૩૫ ટકા સુધી કમિશન આપીને જમા કરવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી. આજે તો સ્થિતિ એવી છે કે બેન્કોની તિજોરી છલકાઇ ઉઠી છે.

**આમ આદમી પાર્ટી અને કોંગ્રેસમાં વગદાર નેતા કેટલા છે? - સંપર્ક કરો ...**

**ગુજરાતની બ્યુરોક્રેસીમાં બે ભાગ પડી ગયા...**

ગુજરાતની બ્યુરોક્રેસીમાં નોટબંધીના કારણે બે ભાગ પડી ગયા છે. ઓફિસરોનું એક જૂથ એવું માને છે કે મોદીનું સ્ટેપ ઉત્તમ છે અને તેના પરિણામ છ મહિના પછી મળશે. દેશમાં લોકોના ઘરમાં રહેલું કે છૂપી જગ્યાએ સંતાડી રાખેલું કાળું ધન બહાર આવ્યું છે. લોકોની લાઇનોના સંદર્ભમાં આ જૂથ એવું માને છે કે સિસ્ટમનો વાંક છે. રિઝર્વ બેન્ક બજારમાં ફરી રહેલા પુરા રૂપિયા છાપી નાંખશે પછી સ્થિતિ સામાન્ય બની જશે. બીજી તરફ અધિકારીઓનું બીજું જૂથ નોટબંધીનો વિરોધ કરે છે અને દાવા સાથે કહે છે કે માલેતુજાર લોકોએ કાળામાંથી ધોળાં બનાવી લીધા છે, માત્ર કોમન મેન ફસાયો છે. નોટબંધીના કારણ માત્ર ગુજરાતમાં જ પાંચ લાખ કરતાં વધુ લોકોની રોજીરોટી છીનવાઇ છે. સરકાર કે રિઝર્વ બેન્કની એવી કોઇ ખાત્રી નથી કે નવી ૨૦૦૦ની નોટનું ડુપ્લિકેટ ચલણ બજારમાં નહીં આવે. નોટ છાપ્યા પછી બે દિવસમાં જ ડુપ્લિકેટ નોટ બજારમાં ફરતી થઇ હતી. આ જૂથ એવું કહે છે કે રાજકારણીઓ અને કોર્પોરેટ જગતને આ નોટબંધીથી કોઇ ફાયદો નથી અને નુકશાન પણ નથી.

**કેટલી રોટલી ખાઇશું એ સરકાર નક્કી કરશે...**

કેટલી કરન્સી પાસે રાખવી અને કેટલી કરન્સી સરકારમાં જમા કરવી, કેટલું સોનું રાખી શકાશે અને કેટલું નહીં તે સરકારે નક્કી કર્યું છે ત્યારે સોશ્યલ માધ્યમમાં એવા મેસેજ પણ ફરી રહ્યાં છે કે હવે મોદી સરકાર એવું પણ નક્કી કરશે કે આપણે કેટલી રોટલી ખાવાની છે. આપણે કેટલી હવા લેવાની છે. આપણે કેટલું પાણી પીવાનું છે. મોદી સરકાર હેલ્થની નવી સ્કીમ મૂકવાની છે ત્યારે આપણું મેનું પણ તેઓ નક્કી કરી આપશે. એક મિત્રએ એવી કોમેન્ટ કરી હતી કે આપણી પાસે જેટલો દારૂ હોય તે સરકારમાં જમા કરાવીને ૫૦ ટકા સ્કિમનો લાભ લેવાનો છે. ચાર બોટલ હોય તો બે બોટલ સરકારને આપીને બાકીની બે બોટલ કાયદેસરની ગણાશે. સોશ્યલ મિડીમાં એટલા ઈન્ટેલિજન્સ લોકો છે કે જેઓ મોદીએ કરેલી ગંભીર જાહેરાતોને હળવા મૂડમાં લોકો સમક્ષ મૂકીને આનંદ માણે છે. આને કહેવાય- આપત્તિને અવસરમાં પલટી નાંખ્યો.. આ મોદીના જ શબ્દો છે કે જેમણે ભૂકંપ પછી એવું કહ્યું હતું કે આપણે આપણા ઉપર આવેલી આપત્તિને અવસરમાં પલટી નાંખવાની છે.

**રજનીકાન્ત પછી મોદી ‘‘શિવાજી’’ બન્યા...**

ભ્રષ્ટાચાર અને બ્લેકમનીના વિષય સાથે ૨૦૦૭માં એક ફિલ્મ આવી હતી. આ ફિલ્મનો મુખ્ય હિરો સાઉથનો સુપરસ્ટાર રજનીકાન્ત હતો. કરપ્ટ ઓફિસરો તેમજ નેતાઓએ સંતાડી રાખેલા કરોડો રૂપિયાના બ્લેકમની બહાર લાવીને રજનીકાન્ત ઉર્ફે શિવાજી એ તે રૂપિયા ચેરીટી ફંડ તરીકે એકત્ર કર્યા હતા. એવી જ રીતે નરેન્દ્ર મોદીએ બ્લેકમની બહાર લાવવા નોટબંધીનો લીધેલો નિર્ણય આ ફિલ્મને મળતો આવે છે. રજનીકાન્તે પણ ધમકીઓ આપીને બ્લેકમની બહાર લાવવાનો પ્રયાસ કર્યો હતો. મોદીએ ઈન્કમટેક્સ અને ઈડીના દરોડા પાડવાની ધમકી આપીને પોતાનું ધાર્યું કરાવ્યું છે. દેશ આજે આ શિવાજીના નિર્ણય સામે ઝઝૂમી રહ્યો છે. ફિલ્મમાં રજનીકાન્ત સોફ્ટવેર એન્જીનિયર હતો પરંતુ મોદી દેશના વડાપ્રધાન છે. કહાનીમાં માત્ર એટલો જ ફેર છે. ઉલ્લેખનીય છે કે રજનીકાન્તને ભાજપમાં લેવા માટે મોદી અને પાર્ટીના ટોચના સિનિયર નેતાઓએ એડી ચોટીનું જોર લગાવ્યું હતું પરંતુ રજનીકાન્ત ભાજપમાં જોડાયો નહીં અને તેની ફિલ્મી કેરિયર ચાલુ રાખી છે.

**અનામતના સ્થાને આયોગની રચના થશે...**

સચિવાલયના સૂત્રો જણાવે છે કે મુખ્યપ્રધાન વિજય રૂપાણી પાટીદાર-સવર્ણ આયોગની રચના કરે તેવી સંભાવના છે. આ આયોગ વેલ્ફેર તેમજ આર્થિકરીતે નબળા સવર્ણો માટે કામ કરશે. તેની જાહેરાત ટૂંક સમયમાં થવાની ધારણા છે.